**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૮/03/૨૦૧૮ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૪૬૩/૧૮**

## સરખેજ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની કચેરી નાં ક્રમાંક/PCB-હદપ/૪૩/૨૦૧૮ તા-૨૭/૦૨/૨૦૧૮ આધારે તડીપાર ઇસમ આલમખાન ઉર્ફે નાકકટો સરફરાજખાન પઠાણ ઉવ,૩૮ રહે.૧૭,સાઇન રો-હાઉસ,સોનલસિનેમાં પાસે,શંકરની કિટલી પાછળ, વેજલપુર અમદાવાદ શહેર નાઓને અમદાવાદ ગ્રામ્ય,મહેસાણા,ગાંધીનગર ખેડા,જીલ્લા,અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારતડીપાર કરવામાં આવેલ છે જેઓને તા.૦૬/૦૩/૨૦૧૮ નાં કલાક ૧૯/૫૦ વાગે સદર હુકમની બજવણી કરી યોગ્ય મુદત આપી આજરોજ તા.૦૭/૦૩/૨૦૧૮ નાં કલાક ૧૭/૩૦ વાગે સદર ઇસમને વડોદરા ખાતે યોગ્ય જાપ્તા સાથે મુકવા જવા તજવીજ કરેલ છે

**શાહીબાગ પોલીસ સ્ટેશનઃ-**

આજરોજ તા.૦૭/૦૩/૨૦૧૮ ના રોજ, અમો મે.અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪, અમદાવાદ શહેર તથા અધિક નાયબ પોલીસ કમિશનર શ્રી " એફ " ડીવિઝન, અમદાવાદ શહેર નાઓના સીધા માર્ગદર્શન હેઠળ શાહીબાગ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૩૩/૨૦૧૮ ધી ઈ.પી.કો. કલમ ૩૦૭, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનામાં આરોપીઓની તપાસમાં હતા દરમિયાન આ ગુનાનો આરોપી નરેન્દ્ર ઉર્ફે બોબડો S/O વિજયભાઈ રામચરણ બાથમ ઉ.વ.આ.૨૪ ધંધો.મજુરી રહે-ગોવાજી ના છાપરા, કુબેરપુરા, ભીલવાસ, અસારવા, શાહીબાગ, અમદાવાદ શહેર. મુળવતનઃ ઉત્તરપ્રદેશ નાનો અસારવા, રેલ્વે ફાટક પાસેથી પસાર થવા હોવાની બાતમી હકીકત અમારી સાથે સ્ટાફના માણસો પૈકી મ.સ.ઇ. લાલજીભાઇ ચેહોરભાઇ બ.નં.૭૩૪૭ તથા પો.કો. જીતેન્દ્ર કૌતિક રાવ બ.નં.૪૩૩૯ નાઓને સંયુકત રીતે મળતાં જે બાતમી આધારે અમો તથા સ્ટાફના માણસો સાથે સદરી જગ્યાએ વૉચમાં રહી સદરી આરોપી ઉપરોકત જગ્યાએથી પસાર થતાં દરમ્યાન સદરીને પકડી લઇ સદરી આરોપીની પુછપરછ કરી આજરોજ તા.૦૭/૦૩/૨૦૧૮ ના કલાક : ૧૯/૪૫ વાગે ઉપરોકત અટક કરવામાં આવેલ છે.

## છેલ્લા ૨૫ વર્ષ થી માનસિંક ત્રાસના ગુનાના નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરાઈવાડી પોલીસ

ઉપરી અધીકારીઓશ્રી ની સુચના મુજમ પોલીસ ઈન્સપેક્ટર શ્રી ઓ.એમ.દેસાઈ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તા.૦૭/૦૩/૨૦૧૮ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ ડી.એચ.મકવાણા તથા પ્રો.પો.સબ.ઈન્સ ડી.આઈ.સોલંકી નાઓ સર્વે સ્કોડના સ્ટાફના માણસો સાથે નાસતા ફરતા આરોપીઓ પકડા પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો સુરપાલસિંહ તખતસિંહ તથા પો.કો દીપ્નેશકુમાર ખેમચંદભાઈ નાઓની સંયુક્ત બાતમી આધારે અમરાઈવાડી પો.સ્ટે ફસ્ટ ગુ.ર.ન ૩૨૩/૯૩ ઈપીકો કલમ ૩૨૩,૪૯૮(ક) દહેજ ધારા કલમ ૩,૭ મુજબના કામનો નાસતો ફરતો આરોપી મહેન્દ્રભાઇ મણીભાઇ પટેલ ઉ.વ.૫૨ રહે.એ/૭ સાયોના સીટી ભાગ-૪ ચાણક્યપુરી ધાટલોડીયા રોડ અમદાવાદ શહેર મુળ ગામ:હિરાવાડા તા.હિમ્મતનગર જી.સાબરકાઠા ને પકડી ગુનાના કામે તારીખ:૦૭/૦૩/૧૮ ના કલાક ૨૧/૧૫ વાગ્યે અટક કરી યોગ્ય કાર્યવાહી કરેલ છે.

---

## છેલ્લા પાંચ વર્ષ થી મારામારી ના ગુનાના નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરાઈવાડી પોલીસ

ઉપરી અધીકારીઓશ્રી ની સુચના મુજમ પોલીસ ઈન્સપેક્ટર શ્રી ઓ.એમ.દેસાઈ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તા.૦૭/૦૩/૨૦૧૮ ના રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ફ.ગુર.નં.૨૪૭/૧૩ ઈપીકો કલમ ૩૨૪ ૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ ના ગુનાના કામના છેલ્લા પાંચ વર્ષ થી નાસતા ફરતા આરોપી નિતુદે સોમ્યાદે પાવૈયા ઉવ:૩૨ રહે:કીશોર કંગનની સામે દીલ્લી દરવાજા શાહપુર અમદાવાદ શહેર ને પકડી ઉપરોક્ત ગુન્હાના કામે આજરોજ તા:૦૭/૦૩/૨૦૧૮ ના કલાક ૧૨/30 વાગ્યે અટક કરી યોગ્ય કાર્યવાહી કરેલ છે.

---

## *એક પાસા આરોપીને પકડી પાસા હુકમની બજવણી કરતી રામોલ પોલીસ*

આ કામે હકિકત એવી છે કે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી ના પાસા હુકમ નં. (1) પીસીબી/ડીટીએન/પાસા//136/2018 તા. 15.03.18 થી પાસા અટકાયતી સંજય હરિપ્રકાશ અગ્રવાલ રહે. મ.નં.બી/801 સેપાલ રેસીડેન્સી અશ્વમેઘ પાર્ક 5 ની સામે ડી માર્ટ પાછળ જોધપુર ગામ અમદાવાદ શહેર મુળ ગામ મેમ તા.જી. રોહતક હરીયાણા નાઓ ખુબ જ માથાભારે અને શરીર સબંધી ગુના કરવાની ટેવવાળો હોય જેને પાસા અટકાયતી તરીકે પાલારા ભુજ જેલ ખાતે પાસા અટકાયતી તરીકે રહેવા આજરોજ તા.07.03.2018 ના ક.19/00 વાગે પાસા હુકમની બજવણી કરી પાલારા ભુજ જેલ ખાતે અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપતી રામોલ પોલીસ અમદાવાદ શહેર. તા.07.03.2018.

---

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.